www.chipsairexp.com
પરદેશ પાર્સલ સેવા
CHIPS Express
અટરીયા, ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર
# ગાંધીનગર સમાચાર
Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૩૭ | ૨૬ જુલાઈ, ૨૦૧૮, ગુરૂવાર; અષાઢ સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**સમયથી પહેલા ચૂંટણી નહી**

૨૦૧૯ની સામાન્ય ચૂંટણીઓ સમયથી પહેલાં કરાવવાની ચર્ચાઓ વચ્ચે એવુ જાણવા મળ્યુ છે કે સામાન્ય ચૂંટણીઓ સમયથી પહેલા નહી થઈ શકે. કારણ કે ચૂંટણી માટે જરૂરી વીવીપેટ સમયસર મળી શકશે નહી. હજુ સુધી નક્કી કરાયેલા લક્ષ્યના ૨૨ ટકા જેટલા જ વીવીપેટની ડીલીવરી થઈ શકી છે.

**ચિદમ્બરમને ૧ ઓગષ્ટ સુધી રાહત**

મની લોન્ડ્રીંગ સાથે જોડાયેલા આઈએનએક્સ મીડિયા મામલે દિલ્હી હાઈકોર્ટે પૂર્વ નાણામંત્રી અને કોંગ્રેસી નેતા પી. ચિદમ્બરમને ધરપકડથી ૧ ઓગષ્ટ સુધી રાહત આપી છે. હાઈકોર્ટે ચિદમ્બરની ધરપકડ પર રોક લગાવી દીધો છે.

**મુંડન કરાવી ઉત્તરપ્રદેશના શિક્ષામિત્રોનો અનોખો વિરોધ**

સુપ્રિમ કોર્ટે ઉત્તરપ્રદેશના શિક્ષામિત્રોની સમાયોજનાને રદ કરી દેતા હજારો શિક્ષામિત્રો આંદોલનના માર્ગે ચઢ્યા છે. વિવિધ માંગોની પૂર્તિ માટે આ શિક્ષકોએ મૂંડન કરાવી અનોખો વિરોધ કર્યો હતો.

**દિલ્હી ક્રિકેટ સંઘમાં સહેવાગ**

દિલ્હી અને જિલ્લા ક્રિકેટ સંઘના અધ્યક્ષ રજત શર્માએ નવી કમિટીની ઘોષણા કરી છે. જેમાં ટીમ ઈન્ડિયાના પૂર્વ વિસ્ફોટક બેટ્સમેન વિરેન્દ્ર સહેવાગ, આકાશ ચોપડા અને રાહુલ સંઘવીનો સમાવેશ કરાયો છે.

# વિપક્ષી ગઠબંધન માટે માર્ગ મોકળો

**વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે રાહુલની પીછેહઠ : કોંગ્રેસનું વલણ હળવું થતાં રાજકીય વર્તુળોમાં તર્કવિતર્કોનો દોર : સહમતિ નહીં બનવાની પરિસ્થિતિમાં બિનકોંગ્રેસી નેતાને ટોપ પદ માટે સ્વીકાર કરાશે : ટીએમસી ખુશ**



નવીદિલ્હી, તા. ૨૫

કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે પીછેહઠ કરતા આને લઈને આજે રાજકીય વર્તુળોમાં ચર્ચા જોવા મળી હતી. જુદા જુદા પક્ષોએ પોતપોતાનીરીતે પ્રતિક્રિયા આપી હતી. ટીએમસી દ્વારા કોંગ્રેસના આ વલણનું સ્વાગત કરવામાં આવ્યું હતું. લોકસભાની ચૂંટણી આડે વધારે સમય રહ્યો નથી. ત્યારે આને લઈને ગણતરીનો દોર શરૂ થયો છે. વિપક્ષી દળોની એકમાત્ર યોજના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકારને હટાવવાનું છે. આજ કારણસર કોંગ્રેસે વડાપ્રધાન પદ પર પોતાના દરવાજા ખુલ્લા રાખ્યા છે. પાર્ટી સુત્રોનું કહેવું છે કે, પોતાના અધ્યક્ષ રાહુલ ગાંધીને સ્થાને અન્ય કોઈ પાર્ટીના નેતાને પણ વડાપ્રધાન બનાવવાને લઈને કોંગ્રેસના વિકલ્પો ખુલ્લા છે. પાર્ટીના આ વલણને લઈનો અન્ય પક્ષો તરફથી પ્રતિક્રિયા આવવાની શરૂઆત થઈ ચુકી છે. કોંગ્રેસનું કહેવું છે કે, કોઈપણ વડાપ્રધાન તેમને સ્વીકાર્ય હોઈ શકે છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, ભાજપના સંબંધ તેની સાથે હોવા જોઈએ નહીં. કોંગ્રેસના આ વલણનું ટીએમસી દ્વારા સ્વાગત

● અનુસંધાન પાન-૭ પર

## રૂપિયો ગગડતા કાર, ટીવી વધુ મોંઘા થવાના એંધાણ

**જીએસટીથી મળેલી રાહત ઉપર પાણી ફરી વળશે : સ્પેરપાર્ટ્સ અને અન્ય ચીજવસ્તુ બહારથી આવે છે જેથી અન્ય બોજ વધ્યો**



નવીદિલ્હી, તા. ૨૫

જીએસટી કાઉન્સિલની બેઠકમાં હાલમાં જ ટેક્સમાં કાપ મુકવામાં આવ્યા બાદ એવી અપેક્ષા જાગી હતી કે, ટીવી અને કાર જેવી ચીજો સસ્તી થશે પરંતુ આના ઉપર હવે પાણી ફરી જાય તેવી શક્યતા છે. આનું મુખ્ય કારણ એ છે કે, રૂપિયામાં સતત ઘટાડો થઈ રહ્યો છે જેના પરિણામ સ્વરુપે આ પ્રોડક્ટ સાથે જોડાયેલા પાર્ટની આયાત મોંઘી સાબિત થઈ રહી છે. હવે ટીવી અને કાર બનાવતી કંપનીઓ કિંમતોમાં વધારો કરવા વિચારણા કરી રહ્યા છે. અમેરિકામાં વ્યાજદરમાં થયેલા વધારા અને ટ્રેડવોરના પરિણામ સ્વરુપે અનિશ્ચિતતાના વાદળો ઘેરાઈ ગયા છે. છેલ્લા કેટલાક મહિનામાં ડોલરમાં મજબૂતી આવી છે. રૂપિયાની સરખામણીમાં ડોલર ખુબ મજબૂત થઈ રહ્યો છે. રૂપિયો હાલના દિવસોમાં એશિયામાં સૌથી નિરાશાજનક દેખાવ કરનાર કરન્સી પૈકી એક છે. આ સ્થિતિથી સંકેત મળે છે કે, રૂપિયામાં ઘટાડાનો દોર આગામી થોડાક દિવસ સુધી જારી રહી શકે છે. રૂપિયામાં ઘટાડો થવાના પરિણામ સ્વરુપે આયાત મોંઘી થઈ છે.

# મહારાષ્ટ્ર બંધનું આંદોલન પરત ખેંચાયું

**મુંબઈ, થાણે, રાયગઢમાં હિંસા થયા બાદ આંદોલન પરત ખેંચાયું : સાત જિલ્લામાં જાહેર કરેલા બંધને પરત ખેંચવાની જાહેરાત : બંધના કારણે, લોકોને થયેલી મુશ્કેલી બદલ માફી માંગી : સવારમાં વ્યાપક હિંસા થઇ હતી**

મુંબઈ,તા. ૨૫

મરાઠા અનામતને લઈને થઈ રહેલા વિલંબ અને સોમવારના દિવસે વિરોધ પ્રદર્શન દરમિયાનમાં નદીમાં ઝંપલાવીને આત્મહત્યા કરવાના વિરોધમાં કરવામાં આવેલા મહારાષ્ટ્ર બંધને મરાઠા ક્રાંતિ મોરચાએ પરત લેવાનો એકાએક નિર્ણય કર્યો હતો. સંગઠન તરફથી સત્તાવારરીતે કહેવામાં આવ્યું છે કે, સાત જિલ્લાઓમાં જારી બંધને પરત લેવાનો નિર્ણય કરાયો છે. આની સાથે સાથે બંધના કારણે લોકોને થયેલી પરેશાનીના સંદર્ભમાં પણ માફી માંગવામાં આવી છે. સંગઠન તરફથી આજે નવી મુંબઈ, થાણે, રાયગઢ અને પાલઘરમાં બંધનું એલાન આપવામાં આવ્યું હતું. બંધ દરમિયાન મુંબઈમાં પણ આજે હિંસા થઈ હતી. દેખાવકારોએ આજે નવી મુંબઈમાં ઘનશોલી વિસ્તારમાં બેસ્ટની બસો ઉપર પથ્થરમારો કર્યો હતો. બીજી બાજુ લાતુર અને ઉદગીરમાં જુથ અથડામણ પણ થઈ હતી. થાણેમાં દેખાવકારોએ દુકાનો બંધ કરાવી હતી. વાસીથી આરોલી વિસ્તારમાં બેસ્ટ બસની સર્વિસને બંધ કરાવવામાં આવી હતી. બંધના કારણે મહારાષ્ટ્રની ૭૦ ટકા સ્કુલો અને કોલેજો બંધ રહી હતી. દેખાવકારોએ જોગેશ્વરીમાં ટ્રેનોને રોકવાના પ્રયાસ કર્યા હતા. દેખાવકારો દ્વારા આપવામાં આવેલા બંધના લીધે લોકોને મુશ્કેલી પડી હતી પરંતુ એકાએક બંધને પરત લેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. અગાઉ મરાઠા

● અનુસંધાન પાન-૭ પર

## અનંતનાગમાં તોયબાના બે ત્રાસવાદી ઠાર કરાયા

**ત્રાસવાદીઓ પાસેથી હથિયારો જપ્ત : કાર્યવાહી દરમિયાન સેનાએ એ આવાસ ફૂંકી માર્યુ હતુ જેમાં ત્રાસવાદી છુપાયા હતા,ગોળીબાર કરી રહ્યા હતા**



શ્રીનગર,તા. ૨૫

દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં સુરક્ષા દળો અને ત્રાસવાદીઓ વચ્ચે ભીષણ અથડામણ થઈ છે. જેમાં બે ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. બાતમી મળ્યા બાદ સવારમાં કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં લશ્કરે તોયબાના બે ત્રાસવાદીઓને ઠાર કર્યા હતા. તેમની પાસેથી મોટી માત્રામાં હથિયારો કબજે કરવામાં આવ્યા હતા. લશ્કરી કાર્યવાહી દરમિયાન સેનાએ એ મકાનને ફુંકી માર્યુ હતુ જેમાં ત્રાસવાદીઓ છુપાયેલા હતા. જમ્મુ કાશ્મીરના કુલગામમાં ૨૨મી જુલાઈના દિવસે જ વહેલી પરોઢે સુરક્ષા દળોએ ત્રણ ખૂંખાર ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા. આ ત્રણેય ત્રાસવાદીઓ પોલીસ, કર્મચારી મોહમ્મદ સલીમનું અપહરણ કરવામાં અને તેમની હત્યા કરવામાં સામેલ હતા. સુરક્ષા દળોને મોટી સફળતા મળી ગઈ હતી. સુરક્ષા દળના જવાનોને ત્રાસવાદીઓ પાસેથી હથિયારો પણ મળી આવ્યા હતા. આ તમામ આતંકવાદી કોન્સ્ટેબલ સલીમની હત્યામાં સામેલ હતા. તમામ આતંકવાદીઓના મૃતદેહ કબજે કરી લેવામાં આવ્યા હતા. તેમની પાસેથી એકે ૪૭ સહિતના હથિયારો મળી આવ્યા હતા. ઠાર થયેલા ત્રાસવાદીઓ પૈકી એક ત્રાસવાદી લશ્કરે તોઈબાનો હતો અને તે સ્થાનિક હોવાનું જાણવા મળ્યું હતુ. બાતમી મળ્યા બાદ સુરક્ષા દળોએ કુલગામમાં ખુદવાની વિસ્તારમાં આ ઓપરેશન પાર પાડ્યું હતું. બંને તરફથી કલાકો સુધી ગોળીબારની રમઝટ જામી હતી.

## એફડીઆઈ મુદ્દે સરકારનો દાવો પોકળ,ભારત ટૉપ-૧૦માંથી પણ બહાર

**ટોચના ક્રમમાંથી નીચે જવા માટે નોટબંધી અને જીએસટી જવાબદાર**

ન્યુ દિલ્હી,તા.૨૫

મોદી સરકાર છેલ્લા કેટલાક મહિનાઓથી ઘટી રહેલ રૂપિયા અને ઈક્વિટી-ડેટ માર્કેટની વેચવાલીને સાંત્વના આપવા માટે ભારત હજી પણ વિદેશી રોકાણકારોની પ્રથમ પસંદગી છે, તેમ બડાપો ફૂંકી રહી છે પરંતુ, આજે આવેલ એક સર્વે સરકારના આ દાવાને પોકળ સાબિત કર્યો છે.

છેલ્લા ચાર વર્ષમાં પ્રથમ વખત ભારત એફડીઆઈના ટોચના ૧૦ દેશોમાંથી બહાર ફેંકાયું છે. ૨૦૧૮ના પ્રદર્શનને જોતાં ભારત વિદેશી પ્રત્યક્ષ રોકાણ માટેના મુખ્ય ૧૦ બજારોમાં પણ હવે શામેલ નથી.

મહત્વની વાત એ છે કે બીજેપી સરકાર જે બે મુખ્ય પગલાંને ઐતિહાસિક ગણાવે છે તે બંને કારણોસર જ ભારત વિદેશી રોકાણકારોની નજરેથી ઉતર્યું છે. છ્ કેઅર્નીના એક રીપોર્ટ અનુસાર નવેમ્બર, ૨૦૧૬ની નોટબંધી અને ત્યારબાદ ૧લી જુલાઈ, ૨૦૧૭થી લાગુ થયેલ

● અનુસંધાન પાન-૭ પર

## ભારતની રશિયા સાથેની મિસાઈલ ડીલમાં અમેરિકા વાધો નહીં ઊઠાવે

**અમેરિકાના પ્રતિબંધ મુક્તા કાયદામાંથી ભારત સહિત બે દેશોને બાકાત રાખવાની તૈયારી**

ન્યુ દિલ્હી,તા.૨૫

ભારતને અમેરિકાના પ્રતિબંધાત્મક કાયદા 'કાઉન્ટરિંગ અમેરિકાઝ એડવર્સરીઝ થ્રૂ સેંકશન્સ એક્ટ' (કાત્સા)માંથી છૂટ મળવાની તૈયારી પૂરી થઈ ગઈ છે. ત્યારબાદ ભારત રૂસની સાથે પોતાના ૩૯૦૦૦ કરોડ રૂપિયાના પાંચ એસ-૪૦૦ એર ડિફેન્સ મિસાઈલ સિસ્મટ ડીલ પર મ્હોર લગાવી શકશે. અમેરિકન પ્રતિબંધ બાદ આ ડીલ પર સંકટના વાદળો મંડરાયેલા રહ્યા હતા. અમેરિકા થોડાંક દિવસ પહેલાં કહ્યું હતું કે કાત્સાની અંતર્ગત આવનાર સંભવિત પ્રતિબંધની કાર્યવાહીને ટાળવી અને ભારત સહિત મિત્ર દેશોને આ સંબંધમાં મદદ કરવા માટે કામ કરી રહ્યાં છે. અમેરિકન સંસદ અને હાઉસ આર્મ્ડ સર્વિસીસ કમિટીએ સોમવારના

● અનુસંધાન પાન-૭ પર

**જોઈએ છે**
પ્રોમોટીંગ અને માર્કેટીંગ માટે અનુભવી સ્ટાફ
(ફિલ્ડ વર્ક કરી શકે તેવા)
● છોકરીઓ-૧૦
● છોકરાઓ-૧૦
સંપર્ક
**સતાધાર ઓટો હબ**
બી-૧, બી-૨, બી-૩/૧૫, ઈલેક્ટ્રોનીક એસ્ટેટ, જીઆઈડીસી, સેક્ટર-૨૫, ક-૫, ગાંધીનગર
મો. : ૯૦૩૩૧૮૬૦૧૬
નોંધ : (૨૭મીએ સવારે ૧૦ વાગે પ્રમાણપત્રો સાથે રૂબરૂ ઉપસ્થિત રહેવું.)

**શ્રી ઝુલેલાલ સાંઈબાબા મંદિર**
સેક્ટર-૩૦, ગાંધીનગર
**આઠમો ગુરૂપૂર્ણિમા મહોત્સવ**
તા. ૨૭/૭/૨૦૧૮ શુક્રવારે આનંદ અને ઉલ્લાસપૂર્વક ઉજવવાનો હોઈ આપને ભાવભીનું આમંત્રણ પાઠવવામાં આવે છે.
: મુખ્ય અતિથિ :
શ્રીમાન બલરામ થાવાણી
ધારાસભ્ય, નરોડા
કાર્યક્રમ
કાકડ આરતી : સવારે ૫.૦૦ કલાકે
મંગલ સ્નાન અભિષેક : સવારે ૫.૪૫ કલાકે
શ્રૃંગાર આરતી : સવારે ૬.૧૫ કલાકે
પાદૂકા પૂજન : સવારે ૮.૦૦ કલાકે
મહાઆરતી : સવારે ૧૦.૦૦ કલાકે
ભોજન પ્રસાદ : સવારે ૧૦.૩૦થી બપોરે ૧.૦૦ કલાક સુધી
-● નિમંત્રક ●-
નિર્મલ જેસવાણી, પ્રમુખ (મો. ૯૮૨૫૭ ૨૨૧૯૧)
સિંધી પંચાયત, ગાંધીનગર. ફોન (૦૭૯) ૨૩૨૬૧૬૪૮
નોંધ : ચંદ્ર ગ્રહણના લીધે પ્રસાદી કાર્યક્રમ સવારનો રાખવામાં આવેલ છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા
₹26*/500 mL
અમૂલ ગોલ્ડ
*MRP (incl. of all taxes). Transportation and cooling charges included. Conditions apply.

RUN TO... the BIG AsoPalav OFFER SALE
22 TO 30 JULY'18
9 DAYS | 3 STORES
AsoPalav
satellite • ashram road • ratanpole
sarees | lehenga cholis | salwar kameez | dress materials
girl's ethnic | men's ethnic | western wear | fine jewellery | accessories